એકમ 16

# શહેરીકરણ અને આર્થિક વિકાસ

## રૂપરેખા


16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 શહેરની વ્યાખ્યા

16.3 શહેરીકરણ

16.3.1 શહેરીકરણનો અર્થ

16.3.2 શહેરીકરણનાં કારણો

16.3.3 શહેરીકરણની અસરો

16.4 શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ

16.5 સારાંશ

16.6 ચાવીરૂપ શબ્દો

16.7 તમારી પ્રગતિ ચકાસો

16.8 સંદર્ભ વાચન

16.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 16.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે

- શહેરની વ્યાખ્યા કરી શકશો.
- શહેરીકરણનો અર્થ સમજાવી શકશો તથા શહેરીકરણનાં કારણો નોંધી શકશો.
- શહેરીકરણની અસરોનું વિશ્લેષણ કરી શકશો.
- ગુજરાતનાં શહેરોનો પ્રાથમિક પરિચય મેળવી શકશો.
- આર્થિક વિકાસ અને શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ જાણી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થીમિત્રો, એવું કહેવાય છે કે ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. એટલે કે ભારતમાં શહેરો કરતાં ગામડાંઓની સંખ્યા અને તેમાં રહેતી વસ્તીનું પ્રમાણ વધારે છે. જોકે શહેર કોને કહેવાય અને ગામડું કોને કહેવાય ? વળી શહેરીકરણ અને ગ્રામયજીવનમાં શું તફાવત છે ? હવે આધુનિક સમયમાં આપણે એવું પણ સાંભળીએ છીએ કે શહેરીકરણ વધતું જાય છે. તો આ શહેરીકરણ એટલે શું ?

શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચે સંબંધ છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં શહેરો ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેવી જ રીતે આર્થિક વિકાસ પણ શહેરોનાં નિર્માણનું કારણ બને છે. શહેરો અને શહેરીકરણના આર્થિક વિકાસને પ્રોત્સાહન પણ મળે છે. તો બીજી બાજુ શહેરીકણની કેટલીક સમસ્યાઓ નુકસાન પણ કરે છે. જો આપણે આ અસરો જાણી શકીએ તો શહેરીકરણથી થતા લાભોનું પ્રમાણ વધારી શકીએ અને નુકસાન ઘટાડી શકીએ. આ એકમમાં આપણે શહેરીકરણ અને શહેરના ખ્યાલનો પરિચય મેળવીશું.

## 16.2 શહેર એટલે શું ? શહેરની વ્યાખ્યા :

વિદ્યાર્થીમિત્રો, તમે શહેરો અને ગામડાંઓ જોયાં હશે. બંનેમાં શું તફાવત નજરે ચડે છે ? કોને ગ્રામવિસ્તાર કહેવાય અને કોને શહેરી વિસ્તાર કહેવાય ? જ્યાં વસ્તી વધારે હોય, પરિવહનની સુવિધા હોય, શાળા, કૉલેજો અને હૉસ્પિટલો વગેરે હોય. એ વિસ્તારને સામાન્ય રીતે શહેર કહેવામાં આવે છે. પણ તમે જોયું હશે કે આધુનિક સમયમાં ઘણાં નાના ગામડાંઓ પણ આ બધી સુવિધાઓ ધરાવતા હોય છે. તો પછી શહેરી વિસ્તાર કોને કહેવાય ? આમ જોઇએ તો શહેરની જુદી-જુદી વ્યાખ્યાઓ જુદા-જુદા દેશે અપનાવી છે. જેમ કે ઑસ્ટ્રેલિયામાં 1000 કે તેથી વધારે વસ્તી હોય અને દર ચો.કિ.મી 200 લોકો રહેતાં હોય તે વિસ્તારને શહેરી વિસ્તાર કહેવાય છે. કેનેડામાં 1000ની વસ્તી અને દર ચો. કિ.મી પર 400ની વસ્તીઘનતા ધરાવતા વિસ્તારને શહેર તરીકે ઓળખાય છે.

તો ભારતમાં વર્ષ 2011ની વસ્તી ગણતરી સમયે અપનાવામાં આવેલ વ્યાખ્યા પ્રમાણે 5000 કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારને શહેરી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. સંયુકત રાષ્ટ્રો ( United Nations )નો આર્થિક અને સામાજિક વિભાગ ( Department of Environment અને Social Attars ) પણ ખૂલે છે કે વૈશ્વિક સ્તરે સર્વમાન્ય એવી વ્યાખ્યા શહેરોની કરવી શકય નથી. જોકે આર્થિક વિકાસનો તબકકો જાણવા તથા વિવિધ રાષ્ટ્રોના તુલનાત્મક અભ્યાસ માટે શહેરોનો ખ્યાલ સ્પષ્ટ હોવો જરૂરી છે. તેથી કોઇપણ વિસ્તારને શહેર તરીકે ઓળખવા માટે નીચે દર્શાવ્યા અનુસારના મુદાઓ ધ્યાનમાં લેવાય છે.

(1) કુલ વસ્તીનું પ્રમાણ

(2) પ્રતિ ચોરસ કિલોમીટરે વસ્તી ઘનતા

(3) પુરુષ વસ્તીના મુખ્ય વ્યવસાયનો પ્રકાર

ઉપર્યુક્ત વિગતે ભારતમાં 2011ની જનગણના સમયે અપનાવવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે -

(1) જે વિસ્તારમાં 5000 કે તેથી વધુ લોકો વસવાટ કરતા હોય,

(2) પ્રતિચોરસ કિલોમીટરે 400ની વસ્તીઘનતા હોય

(3) પુરુષ વસ્તીના 75 % કરતાં વધારેનો મુખ્ય વ્યવસાયનો હોય.

**બિનખેતી ક્ષેત્ર :**

આમ, ઉપર્યુક્ત ત્રણ માપદંડો જોતાં જે વિસ્તારનાં લોકો મોટા ભાગે પ્રાથમિક કે કૃષિ વ્યવસાય સાથે જોડાયેલા હોય તે વિસ્તારને શહેર તરીકેનો દરજજો મળતો નથી. વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વસ્તીવધારો જોતાં ભારતનાં શહેરોમાં વસ્તી અમુક હજારની નહિ પણ લાખોની હોય છે. ભારતનાં મુખ્ય શહેરોમાં મુંબઇ, દિલ્હી, કલકત્તા

વગેરે છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે સૌથી વધારે વસ્તી ધરાવતાં શહેરો છે. આ શહેરો આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનતાં હોય છે. શહેરોમાંથી જ આર્થિક અને સામાજિક પરિવર્તનોની શરૂઆત થાય છે. આમ, શહેરો અને શહેરીકરણનો અભ્યાસ અર્થતંત્ર અને સમાજ માટે ઘણો જ ઉપયોગી છે.

## 16.3 શહેરીકરણ ( Urbanisation) :

શહેરોનો ખ્યાલ સમજયા પછી હવે આપણે શહેરીકરણ વિશે સમજીએ

### 16.3.1 શહેરીકરણનો ખ્યાલ અને વ્યાખ્યા : (Concept and Defination of Urbanisation) :

શહેરીકરણ એક પ્રક્રિયા છે. જેમાં શહેરી સુવિધાઓ લાભ લેવા માટે લોકો ગ્રામવિસ્તારમાંથી શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે. અન્ય એક અર્થ પ્રમાણે કોઈ વિસ્તારને શહેરી સુવિધામાંથી સજજ કરવો તેને પણ શહેરીકરણ કહેવામાં આવે છે. આમ, શહેર અને શહેરીકરણ સાથે વસ્તીનું ઘણું હોવું એ પૂરતું નથી, પરંતુ શહેરી સુવિધાઓનું હોવું મહત્ત્વનું છે. લોકો શહેરી સુવિધાઓનો લાભ લેવા માટે આવતાં હોવાથી વસ્તી ગીચ બને છે. ટૂંકા ગાળા માટે કોઈ એક જગ્યાએ એકઠા થતાં લોકોથી શહેરીકરણ થતું નથી. જેમ કે રહેણાંકની વસ્તીથી દૂર આવેલ કોઈ શાળા તેના શાળાના સમય દરમિયાન ઘણી વસ્તી ધરાવતી હોય છે. પરંતુ શાળા સમય પૂરો થયા પછી કે રજાઓમાં તે વિસ્તાર ખાલી હોય છે. તેવી જ રીતે કોઈ ઔદ્યોગિક એકમમાં કામ કરવા માટે આવતા શ્રમિકો કે કોઈ સામાજિક,ધાર્મિક પ્રસંગે એકઠાં થતાં લોકો ટૂંકા ગાળા માટે એકઠાં થતાં હોય છે. તેથી તે વિસ્તાર શહેરી ન પણ હોય તેવું બને. આમ, શહેરીકરણ માટે નીચેના મુદાઓ જરૂરી બને છે.

A. મોટી સંખ્યામાં લોકોનું શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતરિત થવું.

B. જે તે ભૌગોલિક વિસ્તારનું વીજળી, પાણી, પરિવહન, શિક્ષણ, આરોગ્ય જેવી માળખાકીય સુવિધાઓથી સજજ હોવું. આધુનિક સમયમાં Smart Village ના ખ્યાલને અપનાવાતો હોવાથી વસ્તીગીચતા અને માળખાકીય સુવિધાઓનો શહેરીકરણનો ખ્યાલ બદલાઇ શકે છે.

એક સાથે વસ્તી એકઠી થતી હોવાથી વિચારો અને પ્રવૃત્તિઓની આંતરક્રિયા આસાન રહે છે. નાના વિસ્તારમાં ઘણાં લોકોને આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાતી હોવાથી નાગરિક સુવિધાઓ ઊભી કરવા પાછળનો સરેરાશ ખર્ચ ઓછો આવે છે. કેટલીક વખત આ પ્રકારની પ્રસાર અસરો ધરાવતી સુવિધાઓ પ્રથમથી જ ઉપલબ્ધ હોવાથી તેની આસપાસ વસવાટ કરવાનું વલણ વધે છે અને વસ્તી ગીચ થતાં શહેરો અસ્તિત્વમાં આવે છે.

### 16.3.2 શહેરીકરણનાં કારણો/પરિબળો ( Causes/Factors responsible for Urbanisation ) :

a) માળખાકીય સુવિધાઓની પ્રાપ્તિ : શહેરોમાં નાગરિકોને જીવવા માટે જરૂરી એવી સુવિધાઓ જેવી કે વીજળી, પીવાનું ચોખ્ખું પાણી, પરિવહનના સાધનો, શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ વગેરેનો વિકાસ થયેલો હોય છે. પરિણામે આવા વિસ્તારોમાં વસવાટ કરવાનું લોકો વધારે પસંદ કરે છે. ગ્રામવિસ્તારોમાંથી લોકો આ પ્રકારની સુવિધાઓ મેળવવા માટે કાયમી ધારણે વસવાટ કરવાનું પસંદ કરે છે.

b) સરકાર દ્વારા અપાતી સાર્વજનિક સુવિધાઓમાં વધારો : લોકશાહી એટલે કે લોકોનાં જ પ્રતિનિત્વની સરકાર હોવાથી પ્રજાની સુખાકારી અને સગવડયુક્ત જીવન આપવા માટે સરકાર તત્પર હોય છે. ઓછી કિંમતે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓમાં પીવાનું પાણી, પરિવહન, પાકી સડકો, મફત શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ, બાગબગીચા વગેરેનો લાભ લેવા માટે લોકો ગામડાંમાંથી શહેરો તરફ કાયમી સ્થળાંતર કરે છે અને શહેરીકરણ થાય છે.

c) ટૅક્નૉલૉજીકલ પ્રગતિ અને કૃષિક્ષેત્રે ઓછા શ્રમિકોની જરૂર : યંત્રોના ઉપયોગથી કૃષિશ્રમિકો ફાજલ થયા. ફાજલ શ્રમિકો રોજગારની શોધમાં શહેરો તરફ જવા લાગ્યા. આમ, શહેરીકરણની પ્રક્રિયામાં ટૅક્નૉલૉજીક પ્રગતિએ મહત્ત્વનો ફાળો આપ્યો.

d) ઔદ્યોગિક ક્રાંતિ : ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટા પાયા પર ઉત્પાદન થવા લાગ્યું, ઉદ્યોગોનું પ્રમાણ વધવાથી શ્રમિકોની માંગ વધી, જે ખેતીક્ષેત્રમાંથી ફાજલ થયેલા શ્રમિકોએ પૂરી કરી. ઔદ્યોગિક એકમો સ્થાપવા શ્રમિકોના ગામડાંનાં નિવાસથી દૂર થવા લાગી. પરિણામે દરરોજનું આવાગમન મુશ્કેલ બનતાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઇ, જે શહેરીકરણ તરફ લઇ જાય છે.

e) વસ્તીવધારો : વસ્તીવધારાને કારણે પણ શહેરીકરણનું પ્રમાણ વધ્યું છે. વસ્તીવધારાને કારણે શહેરોની હદ વિસ્તારવાની જરૂર પડે છે. તેથી આગળ જતાં નજીકનાં ગામડાંઓ શહેરમાં ભળી ગયા તથા નવા શહેરી વિસ્તાર તરીકે વિકસવા લાગ્યા.

f) ઐતિહાસિક અને વહીવટી કારણો : ઔતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો રાજાશાહી સમયે તથા બ્રિટિશ શાસન દરમિયાન વ્યાપારના કેન્દ્ર તરીકે પરિવહન સુવિધા ધરાવતા દરિયાઇ વિસ્તારોની આસપાસ આર્થિક પ્રવૃત્તિઓ વધી અને શહેરોનું નિર્માણ થયું. આધુનિક સમયમાં પણ આ જ કારણો ઉપરાંત વહીવટી સંચાલનનાં કેન્દ્ર તરીકે નગરોનો વિકાસ થયો. તાલુકા/જિલ્લા મથકોએ વહીવટી કર્મચારીઓ તથા અધિકારીઓના કાયમી વસવાટથી શહેરી વિસ્તારમાં વધારો થયો. બીજા શબ્દોમાં કહીએ તો શહેરીકરણ થયું.

g) લોકોની સારું જીવન જીવવાની ઇચ્છાઓમાં વધારો : શિક્ષણમાં વધારો, અન્ય પ્રદેશનાં લોકો સાથેનો સંપર્ક, આવકમાં વધારો, સુવિધાયુક્ત જીવનની ઇચ્છાને કારણે શહેરી માળખાકીય સુવિધાઓ વિશે લોકોમાં જાગૃતિ આવી. આ માંગ પ્રમાણે કલ્યાણલક્ષી લોકશાહી સરકારે સુવિધાઓ ઉપલબ્ધ કરાવતાં શહેરીકરણ થયું.

### 16.3.3 શહેરીકરણની અસરો :

2011ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતની 42.6 % વસ્તી શહેરી વસ્તી છે. જે ભારતમાં તમિલનાડુ, કેરલ, તથા મહારાષ્ટ્ર પછી ચોથા નંબરનું સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતું રાજય બને છે. શહેરો અને શહેરી વિકાસ આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે. અહી આપણે શહેરીકરણની અસરો કે તેનાથી થતા લાભો ગેરલાભો પર એક નજર કરીએ.

★ **શહેરીકરણના લાભો :**

a) રોજગારીની તકો વધે છે. : શહેરો આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બને છે. ઉદ્યોગો તથા સેવા ક્ષેત્રનો વિકાસ શહેરી વિકાસને આભારી છે. ઉદ્યોગોને પણ જરૂર પ્રમાણે શ્રમિકો મળી રહે છે, તો શ્રમિકને માટે પણ રોજગારીની વિપુલ તકો શહેરોમાં હોય છે. આમ, શહેરો અને શહેરીકરણ રોજગારીની તકો આપતું મહત્ત્વનું સ્થાન બને છે.

b) આર્થિક અસમાનતા ઘટે છે. : સામાન્ય રીતે ઉચ્ચ શિક્ષણ, સારી આરોગ્ય સેવાઓ, પરિવહન અને સંચારસેવા, મનોરંજન વગેરે સુવિધાઓ, ઓછી આવકવાળા લોકો માટે મેળવવી મુશ્કેલ બને છે. શહેરોમાં જાહેર પરિવહનના સાધનો, બાગ-બગીચા, થિયેટરો, સરકારી શાળા-કૉલેજો, હૉસ્પિટલો વગેરે હોવાથી લોકો આ બધી સુવિધાઓનો લાભ લઈ શકે છે. આ બધી સુવિધાઓ ઓછા ખર્ચે મળી શકતી હોવાથી લોકોની વાસ્તવિક આવક વધે છે. આમ જુદા જુદા વર્ગોની આવક વચ્ચેનો તફાવત ઓછો થાય છે.

c) સાંસ્કૃતિક વિકાસ : શહેરોમાં જુદા-જુદા પ્રાંતના અનેક લોકોનો વસવાટ હોય છે. પરિણામે લોકો એકબીજાની સંસ્કૃતિથી પરિચિત થાય છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાન, અભિવ્યકિત, તહેવારોની ઉજવણી વગેરે સાંસ્કૃતિક વિકાસ માટે આધારરૂપ બને છે, તેનાથી સામાજિક હાર્દનું વાતાવરણ પણ ઊભું થાય છે. સામાજિક કુરિવાજો દૂર થાય છે. સ્ત્રી-પુરુષ, સામાજિક વર્ગભેદ વગેરે બાબતો શહેરીકરણથી પ્રભાવિત થાય છે.

d) સામાજિક દૂષણો દૂર થાય છેઃ આગળના મુદ્દામાં જોયા પ્રમાણે શિક્ષણનો પ્રસાર, સ્ત્રીઓનું વ્યવસાય/કામકાજ અર્થે ઘરથી બહાર આવવું. અન્ય પ્રદેશોની સંસ્કૃતિનો પરિચય વગેરેથી ઘણાં બધાં પરિવર્તનો આવતા હોય છે, જે સામાજિક-આર્થિક વિકાસને પોષક હોય છે. સ્ત્રીશિક્ષણમાં વધારો, વિધવાવિવાહ, સતીપ્રથા અને દહેજપ્રથાને તિલાંજલિ, આંતરજ્ઞાતીય લગ્નો વગેરેથી લોકોની સંકુચિત વિચારધારા દૂર થાય છે.

e) જીવનની ગુણવત્તામાં સુધારો : શહેરીજીવનથી રોજગારપ્રાપ્તિ, ઊર્જા, પાણી જેવી પાયાની સગવડો, શિક્ષણ વગેરે જેવી સુવિધાઓને કારણે લોકોનું સરેરાશ જીવનધોરણ ઊંચુ આવે છે. ખોરાકની ઉપલબ્ધિથી કુપોષણ દૂર કરી શકાય છે. લોકોનું સરેરાશ આયુષ્ય પણ ઊંચુ આવે છે. લોકો રોજગાર મેળવતા હોવાથી ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે. આમ, શહેરીનિર્માણથી વસ્તીના મોટા સમૂહનું જીવનધોરણ એક સાથે સુધારવાની દિશામાં ગતિ કરે છે.

શહેરીકરણની નકારાત્મક અસરો/ગેરલાભો : આગળ ઉપર જોયા અનુસાર શહેરો અને શહેરીકરણ આર્થિક વિકાસનું ઍન્જિન બની શકે છે, પરંતુ સુઆયોજિત નગરવ્યવસ્થાના અભાવે શહેરો લાભને બદલે ગેરલાભો વધારે પ્રસરાવે છે. તેથી ઘણાં લોકો આધુનિક સમયમાં નિવૃત્ત જીવન ગાળવા માટે કે સારાં સ્વાસ્થ્યના હેતુથી ફરીથી ગામડાઓમાં વસવાટ કરવાનું પસંદ કરતાં હોય છે એવું જોવા મળ્યું છે.

શહેરોની નકારાત્મક અસર

f) પ્રદૂષણ : કારખાનાઓ, વાહનવ્યવહાર વગેરે વાયુ પ્રદૂષણ અને આયોજન વગરનાં શહેરોની રચનાથી ગંદા અને ગીચ વસવાટો, ઝૂંપડપટ્ટી વગેરે અસ્તિત્વમાં આવે છે. કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોય તો શહેર ગંદકીનો પર્યાય બને છે. ઊભરાતી ગટરોથી લોકોનું આરોગ્ય જોખમાય છે. ઘણી વખત રહેણાંક અને અન્ય વ્યવસાયિક હેતુથી જંગલો કાપીને કે ખેતી અને ગૌચરની જમીન લઈ લેવામાં આવે છે તેનાથી આબોહવામાં પરિવર્તનો આવતા વાવેતર હેઠળના કૃષિ વિસ્તારમાં ઘટાડો જેવાં પરિણામો આવે છે.

g) વસ્તીગીચતા : શહેરોમાં નાના ભૌગોલિક વિસ્તારમાં ઘણાં લોકો વસવાટ કરવા માટે એકઠાં થાય છે. પરિણામે ચેપી, રોગો, સતત ઘોંઘાટને કારણે માનસિક રોગો, સાંભળવાની અને દૃશ્ય શકિતમાં ઘટાડો થાય છે. લોકોના અંગતજીવન પર તેની વિપરીત અસર જોવા મળે છે.

h) અસામાજિક પ્રવૃત્તિઓમાં વધારો : કોઈ વખત પાત્રતાના અભાવે કે રોજગારીની તકોના અભવે, બેરોજગાર વ્યકિત અસમાજિક પ્રવૃત્તિઓ તરફ વળે છે. ચોરી, લૂંટ,

હત્યા, માર્ગ અકસ્માતો વગેરેનું પ્રમાણ વધે છે. છેલ્લી કેટલીક ઘટનાઓનો અભ્યાસ કરીએ તો આતંકવાદી પ્રવૃત્તિ કરનારાં તત્ત્વો શહેરોની ગીચ વસ્તી પસંદ કરે છે. આમ, શહેરો અસામાજિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બને છે. તેના માટે કાયદો અને વ્યવસ્થા સઘન બનાવવા પડે, જો કે સાચો ઉપાય લોકજાગૃતિ કેળવવાનો છે.

i) અપૂરતી માળખાકીય સુવિધાઓ : ભારત અતિ વિશાળ વસ્તી ધરાવતો દેશ છે. શિક્ષણ અને સાંસ્કૃતિક ભિન્નતા પણ છે. આવી સ્થિતિમાં સરકાર જયારે પાયાની સગવડો પૂરી પાડવામાં કે લોકોના સહકાર મેળવવામાં પાછી પડે તેવા સમયે વ્યવસ્થા ખોરવાય છે. વધતી વસ્તી માટે શિક્ષણ, આરોગ્ય, સુઘડ આવાસો, પરિવહન, જાહેર સફાઇ, કાયદો અને વ્યવસ્થા વગેરે સાધનોના અભાવથી ઝડપથી પૂરાં પાડી શકાતા નથી કે તેનો અભાવ જોવા મળે તો આ માટે નાણાંકીય ભંડોળ, વાસ્તવિક સાધનો, સરકારની ઇચ્છાશકિત વગેરે મુખ્ય ભાગ ભજવે છે.

j) ખેતીલાયક જમીનમાં ઘટાડો : શહેરીકરણને કારણે રહેણાંક, આર્થિક પ્રવૃત્તિઓ, પરિવહન માટે વધુને વધુ જમીનની જરૂર પડે છે. આપણે જાણીએ છીએ કે જમીન સાધનનો પુરવઠો સ્થિર છે, પરિણામે શહેરીકરણથી વધતી જમીનની માંગ પૂરી પાડવા માટે ખેતીલાયક જમીન, ગૌચર, જંગલો વગેરેને શહેરોમાં સમાવી લેવમાં આવે છે. આ પગલાંથી કુદરતી પર્યાવરણનાં ઘટકોને હાનિ પહોંચે છે. ખેતીલાયક જમીન ઓછી થવાથી પણ મુશ્કેલી ઊભી થઇ શકે છે.

k) ટ્રાફિકજામ અને સમયનો બગાડ : શહેરોમાં વાહનોનું પ્રમાણ વધારે હોય છે. ઘરનું અને કમકાજનું સ્થળ દૂર હોવું, સામાજિક મોભાના પ્રતીક તરીકે ખાનગી વાહનોની માલિકીનું પ્રમાણ વધવું તથા સારી જાહેર પરિવહન સેવા આપવામાં સરકારની નિષ્ફળતા જેવાં કારણોથી વાહનોના પ્રમાણમાં અતિશય વધારો થયો છે. સારી સડકોના અભાવે પણ ટ્રાફિકજામ થઇ જાય છે, જેમાં અસંખ્ય માનવકલાકોનો બગાડ થાય છે.

## 16.4 શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ :

શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ જૂનો છે. આર્થિક વિકાસ થયો છે તેવા વિસ્તારના આધાર માળખાનો લાભ લેવા માટે લોકો કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે. તે પ્રક્રિયાને શહેરીકરણ કહી શકાય.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો દરિયાઇ વિસ્તારોની નજીક બંદરોની સુવિધાઓ ધરાવતા વિસ્તારો વ્યાપારનાં કેન્દ્રો તરીકે વિકસ્યા, જેમ કે, ભારતમાં કલકત્તા, મુંબઇ; ગુજરાતમાં કંડલા, મુન્દ્રા, માંડવી વગેરે તેવી જ રીતે નદીકિનારે ખેતી અને પીવાલાયક પાણીની ઉપલબ્ધિને કારણે સાંસ્કૃતિક વિકાસ થયો, જેમાં અમદાવાદ, સુરત વગેરે ઉદાહરણો લઇ શકાય. આગળ જતાં ટૅક્નૉલૉજીકલ વિકાસને કારણે તથા ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઔદ્યોગિક એકમની સ્થાપનાની નજીક શહેરી સુવિધાઓ ધરાવતી વસાહતોનો વિકાસ થયો. આમ આર્થિક પ્રવૃત્તિઓ શહેરીકરણનું કારણ બની. આગળ જતાં સામાજિક પરિવર્તનો તેમજ જીવનની ભૌતિક ગુણવત્તા સુધારવાની ક્ષમતા જોતાં શહેરોનો વિકાસ કરવામાં આવ્યો. જોકે શહેરોમાં વસ્તીની ગીચતા વધતાં ગામડાઓમાં જ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું પણ આધુનિક વલણ રહ્યું છે. જેથી શહેરીજીવનનાં આકર્ષણ પાછળ ગામડાઓનું અર્થતંત્ર તથા કૃષિક્ષેત્ર ભાંગી ન પડે.

આમ, આર્થિક વિકાસના લાભો લેવા, મોટા પાયા પર ઉત્પાદન તથા આર્થિક વિકાસની કદમાપની અસરોનો લાભ લેવા અને આ રીતે વિકાસની તકો મેળવવા માટે આર્થિક રીતે વિકસિત વિસ્તારોની આજુબાજુ શહેરી વિકાસ થાય છે. પરંતુ શું

શહેરીકરણ આર્થિક વિકાસ પર હકારાત્મક અસરો કરી શકે ? શું શહેરીકરણ વિકાસ માટે પ્રોત્સાહક બની શકે ? આધુનિક સમયમાં એટલે વિકાસ એમ માત્ર આવકમાં વધારો નહિ પણ સતત અને ટકી શકે તેવા વિકાસના ખ્યાલને અપનાવવામાં આવ્યો છે, તે જોતાં શહેરો ટકાઉ વિકાસ માટે તેમની શું ભૂમિકા ભજવી શકે તે જાણવું રસપ્રદ બને.

શહેરીકરણ એક ગર્ભિત સંકેત આપે છે, તે છે લોકોની સારું જીવન જીવવાની ઈચ્છાનો, શહેરીકરણને માંગ અને પુરવઠા - બંને બાજુથી જોઈએ તો શહેરીકરણની માંગ એટલે માળખાગત સુવિધાઓ યુકત સભ્ય જીવન માટેની માંગ. તે જ રીતે પુરવઠા બાજુએ વિચારતાં આ પ્રકારની સુવિધાઓ ઊભી કરવી એ જાહેર વહીવટ અંતર્ગતનો મુદો બને છે. મોટા પાયા પર થતાં માનવસ્થળાંતરને સુઆયોજિત નગરવ્યવસ્થા આપી ન શકાય ઝડપી અને વિવિધ તો પ્રદૂષણ, ટ્રાફિકજામ વગેરે સમસ્યાઓ ઊભી થાય છે. પણ જો આયોજન યોગ્ય રીતે થયું હોય અને તેનો અમલ પણ સુચારુ રીતે થયો હોય તો વિકાસની સંભાવનાઓ જરૂર વધે છે. વળી આ કારણોથી આર્થિક અને સામાજિક વર્ગભેદ પણ ઓછો થાય છે તથા સમાવેશી વિકાસમાં શહેરીકરણની મહત્ત્વની ભૂમિકા રહે છે.

જોકે ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ટૅક્નૉલૉજીનો વિકાસ વર્તમાનમાં ઘણો થયો છે. એટલે માત્ર શહેરોમાં સ્થળાંતર કરવાથી જ ગુણવત્તાયુકત જીવન જીવી શકાય તેવા ખ્યાલમાં પરિવર્તન આવ્યું છે. હવે ટૅક્નૉલૉજી અને માળખાકીય સુવિધાઓ લોકો સુધી ગામડાંમાં પણ પહોંચાડી શકાય છે. આધુનિક 'સ્માર્ટ વિલેજ' એનું ઉત્તમ ઉદાહરણ છે. લોકો પણ ઔદ્યોગિક એકમોની નજીક રહેવાને બદલે શાંત, નાના વિસ્તારોમાં રહેવાનું પસંદ કરે છે. ઝડપી વાહનવ્યવહારના અનેક ઉપલબ્ધ વિકલ્પો તથા સારી સડકો વગેરે આ માટે જવાબદાર છે. આધુનિક સમયમાં વસ્તીના મોટા પાયા પરનાં કાયમી સ્થળાંતરને નહિ પણ ગામડાઓમાં પણ આધુનિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની અને ગુણવત્તાયુકત જીવનની તકો મળવાની પ્રક્રિયાને શહેરીકરણ કહી શકાય.

## 16.5 સારાંશ :

- શહેરોની વૈશ્વિક સ્તરે સર્વસામાન્ય એવી કોઇ એક જ વ્યાખ્યા નથી, જુદા-જુદા દેશો જુદી-જુદી વ્યાખ્યા અપનાવે છે.
- ભારતમાં 2011ની વસ્તીગણતરી પ્રમાણે (1) જ્યાં 5000 કે તેથી વધુ લોકો વસવાટ કરતાં હોય (2) કુલ વસ્તીના 75 % પુરુષોનો મુખ્ય વ્યવસાય બિનખેતી ક્ષેત્રનો હોય તથા (3) વસ્તીગીચતા પ્રતિ ચો. કિ.મી 400 કે તેથી વધારેની હોય તેને શહેર કહેવામાં આવે છે.
- જયારે ઘણાં લોકો ગામડાંમાંથી શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે ત્યારે તેને શહેરીકરણ કહેવાય છે.
- સાંસ્કૃતિક આદાનપ્રદાન, આધુનિક માળખાગત સુવિધાઓ, મનોરંજનની સુવિધાઓ તથા મુકત જીવનનાં આકર્ષણથી શહેરીકરણ થાય છે.
- ઔદ્યોગિક ક્રાંતિ, ટૅક્નૉલૉજીકલ પ્રગતિ અને ફાજલ કૃષિશ્રમ દ્વારા શહેરીકરણને ઉત્તેજન મળ્યું છે.
- શહેરોમાં ટકાઉ આર્થિક વિકાસની ક્ષમતા જણાતી હોવાથી સરકાર પણ શહેરીકરણને પ્રોત્સાહન આપે છે.

- દરિયાકિનારે, નદીકિનારે કે ઔદ્યોગિક એકમની નજીક શહેરોનો વિસ્તાર થયો છે.
- ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરો તથા ગાંધીધામ, રાજકોટ, ભૂજ વગેરે જેવા શહેરો છે.
- ગુજરાતના શહેરીકરણની સ્થિતિ ( ગ્રાફ દ્વારા )

## 16.6 ચાવીરૂપ શબ્દો

1) વસ્તીઘનતાઃ ભૌગોલિક વિસ્તારના નક્કી કરેલા એકમમાં વસવાટ કરતાં લોકોના સરેરાશને જે તે વિસ્તારની વસ્તીઘનતા કે વસ્તીગીચતા કહે છે. સામાન્ય રીતે એક ચોરસ કિલોમીટરમાં વસતાં લોકોની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવે છે. કોઇ એક શહેર કે એક દેશમાં દર ચોરસ કિલોમીટરે એકસમાન સંખ્યામાં લોકો વસવાટ કરતાં હોતાં નથી, પરંતુ તેના કુલ વિસ્તારમાં વસતાં બધાં જ લોકોનો સરેરાશ લેવામાં આવે છે.

2) મૅરિટ વસ્તુઓ ( Merit goods) / ગુણવત્તા વસ્તુઓ :

મૅરિટ વસ્તુઓ એવી વસ્તુઓ / સેવાઓ છે, કે જેનો વપરાશ ખરીદક્ષમતા કે ઇચ્છા પ્રમાણે થવાને બદલે જરૂરિયાત પ્રમાણે થવો જોઇએ. કારણકે તેવી વસ્તુ/સેવાઓના ઉપભોગથી સામાજિક સુખાકારી અને કલ્યાણ વધે છે. દા.ત, શિક્ષણ, સ્વાસ્થ્ય સેવાઓ વગેરે, આ પ્રકારની મૅરિટ વસ્તુઓ/ સેવાઓનો ઉપભોગ માત્ર તેના વપરાશકર્તાને જ નહિ પણ અન્યોને પણ લાભ આપે છે. પરિણામે આવી વસ્તુ/ સેવાઓનું ઉત્પાદન માત્ર બજાર પર છોડી દેવામાં આવે તો કદાચ જરૂરિયાત કરતાં એટલે કે થવો જોઇએ તેના કરતાં ઓછો વપરાશ અને ઉત્પાદન થાય તેવું બને. તેથી સરકાર દ્વારા પણ આવી વસ્તુ/ સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે.

3) સ્માર્ટ વિલેજઃ

સ્માર્ટ વિલેજ એટલે કે સ્માર્ટ ગામડું. આ એવો વિસ્તાર છે કે જ્યાં પોષણક્ષમ ઊર્જાસ્ત્રોત વિકાસ માટેનું મુખ્ય પરિબળ બને છે. તે ઉપરાંત સારું શિક્ષણ, અને સ્વાસ્થ્ય સુવિધાઓ, પીવાનું સ્વચ્છ પાણી, સફાઇ અને પોષણયુક્ત આહારની પ્રાપ્તિ, ઔદ્યોગિક ઉત્પાદન એકમો, વધતી આવક, ખાધ સુરક્ષા અને લોકોની ભાગીદારીમુક્ત વિકાસ પ્રક્રિયા જેવી બાબતોનો સમાવેશ થાય છે. ભારતનું સૌપ્રથમ સ્માર્ટ વિલેજ બનવાનું શ્રેય પન્સાજરી (pansari) ગામને જાય છે. આ ગામ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાનું છે.

4) પ્રસાર અસરો :

પ્રસાર અસરો કે બાહ્ય અસરો એ અસરો છે કે કોઇ વસ્તુ / સેવાનો ઉપભોગ કરનારને જ નહિ પણ તેની આસપાસનાં લોકો સુધી પણ ફેલાય છે. પ્રસાર અસરો નકારત્મક અને હકારાત્મક એમ બંને પ્રકારની હોઇ શકે છે. જેમા કે કચરો ગમે ત્યાં ફેંકવો, ધૂમ્રપાન કરવું, ઘોંઘાટ કરવો વગેરેની નકારાત્મક અસરો માત્ર તેના કરનાર સુધી જ સીમિત ન રહેતાં આજુબાજુનાં લોકો સુધી પણ ફેલાય છે. તેવી જ રીતે ઘર, ફળિયાની સફાઇ રાખવી, શિક્ષણ મેળવવું વગેરેની લાભદાયી અસરો પણ માત્ર તે કરનાર પૂરતી જ મર્યાદિત ન રહેતાં તેના લાભો સમાજનાં અન્ય લોકો સુધી પ્રસરે છે.

5) માનવકલાકો :

માનવકલાક એ એક કલાકના ગાળા દરમ્યાન એક સામાન્ય શ્રમિક દ્વારા થઇ

શકતાં કાર્યનું એકમ છે. જેમ કે આઠ વ્યક્તિ એક કલાક કામ કરે તો આઠ માનવકલાકોનું કામ થયું કહેવાય. ૨૪ વ્યક્તિ એક જ કલાક કામ કરે તો ૨૪ માનવકલાકોનું કામ થયું ગણાય.

## 16.7 તમારી પ્રગતિ ચકાસો.

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

(1) શહેરીકરણનો ખ્યાલ સમજાવો અને શહેરીકરણની અસરોનું વર્ણન કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(2) શહેરની વ્યાખ્યા લખો. શહેરીકરણ માટે જવાબદાર પરિબળોનો પરિચય આપો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(3) શહેરીકરણ એટલે શું ? આર્થિક વિકાસ અને શહેરીકરણ વચ્ચેનો સંબધ સમજાવો તથા આર્થિક વિકાસ માટે શહેરોનું શું મહત્ત્વ છે તેનું વર્ણન કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(ખ) નીચેના મુદ્દાઓ પર ટૂંકનોંધ લખો.

(1) શહેરીકરણની અસરો

..............................................................
..............................................................
..............................................................

.............................................................
.............................................................
.............................................................

(2) શહેરીકરણ અને આર્થિક વિકાસ

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(3) શહેરીકરણનાં કારણો

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.

(1) ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે પ્રતિ ચો. કિ.મી.____________ની વસ્તીગીચતાનો માપદંડ અપનાવવામાં આવેલો છે. (100,400,5000)

(2) ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે ____________ કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારનો શહેરમાં સમાવેશ કરવામાં આવે છે. (1000,5000,400)

(3) શહેરની વસ્તીની દૃષ્ટિએ ગુજરાતનું ભારતમાં ____________ સ્થાન છે. ( પ્રથમ, બીજું, ચોથું)

(4) શહેરોના વિકાસમાં____________ક્રાંતિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. (ઔદ્યોગિક, હરિયાળી, શ્વેત)

(5) ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ____________ % છે. ( 42.6, 100,25 )

(6) ગુજરાતનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર____________છે. (ગાંધીધામ, અમદાવાદ, ગાંધીનગર)

(ઘ) નીચેના વિધાનો સાચાં છે કે ખોટા તે જણાવો.

(1) શહેરમાં મોટાભાગનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોય છે.

(2) 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા 'શહેર'ની વૈશ્વિક સ્તરે એવી સર્વમાન્ય વ્યાખ્યા આપવામાં આવી છે.

(3) શહેરીકરણ એ લોકોનું ગામડાંથી શહેરો તરફ થતું કાયમી સ્થળાંતર છે.

## 16.8 સંદર્ભ વાંચન


1) વસ્તી ગણતરી 2011 માહિતી

2) World urbanisation Prospects 2018. United Nations Department of Economic and Social affairs વલ્ડ અર્બનાઇઝેશન પ્રોસ્પેકટસ, 2018 યુનાઇટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક ઍન્ડ સોશિયલ અફેર્સ

3) સ્પેન્સ માઇકલ કલર્ક ઍન્ડ પેટ્રીસિયા બકલે રૉબર્ટ એમ, અર્બનાઇજેશન ઍન્ડ ગ્રંથ (2001), કમિશન ઑન ગ્રંથ ઍન્ડ ડેવલોપમેન્ટ, ઈન્ટરનેશનલ ઍન્ડ ફોર કન્સ્ટ્રશકશન ઍન્ડ ડેવલોપમેન્ટ

4) http://censusgujarat.gov.in/Downloads/PPT/Paper-2/Paper-2%20Volume-1%20of%202011%20Gujarat.pdf


## 16.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(ક) જવાબો

(1) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.3.3

(2) જુઓ મુદ્દા નં 16.2 તથા 16.3.2

(3) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.3.3

(4) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.4

(ખ) જવાબો

(1) જુઓ મુદ્દા નં 16.3.3

(2) જુઓ મુદ્દા નં 16.4

(3) જુઓ મુદ્દા નં 16.3.2

(ગ) જવાબો

(1) 400

(2) 5000

(3) ચોથું

(4) ઔદ્યોગિક

(5) 42.6

(6) અમદાવાદ


(ઘ) જવાબો

(1)ખોટું

(2)ખોટું

(3)સાચું

Total Population (in millions) by Residence, Gujarat (1901-2011)




Decadal Growth Rate, Gujarat and Districts (2001-2011)
Total (Persons)